ફોજદારી કેસ નં.૫૦૩/૨૦૨૬

<u>**આંક–૦૧ લગત હુકમ**</u>

ફરીયાદી : શ્રી સરકાર

**વિરુધ્ધ**

આરોપી: જશુભાઈ નારણભાઈ ગાધે, રહે.વડનગર ગામ મસાણીયા ઢોરા વિસ્તાર, તા.કોડીનાર, જિ. ગીર સોમનાથ.

**ગુન્હો:** ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની ક.૭૫(૨),૭૭,૭૮,૭૯,૩૨૪(૪),૩૫૧(૩),૩૫૨ મુજબ.

**–:: કમીટ ઓર્ડર::–**

૧. આ કામે ગુનાની ચાર્જશીટ અત્રેની અદાલતમાં દાખલ કરવામાં આવેલ છે. આરોપી હાજર થતા તેમને મળવાપાત્ર કાગળો વિના મુલ્યે મળી ગયેલ છે. તેની ખાતરી કરવામાં આવેલ છે. પોલીસ તપાસનાં કાગળો વંચાણે લેતા આરોપી સામેનો ગુન્હો **ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની ક.૭૫(૨),૭૭,૭૮,૭૯,૩૨૪(૪),૩૫૧(૩),૩૫૨** મુજબ હોય અને આ ગુન્હાની ટ્રાયલ ચલાવવાની હકુમત નામદાર સેશન્સ અદાલતને હોવાનું પ્રથમ દર્શનીય જણાય છે. જેથી આ અદાલતને સદરહું ગુન્હાની ઈન્સાફી કાર્યવાહી કરવાની સત્તા ન હોય, તેથી, હાલનો ફોજદારી કેસ નામદાર સેશન્સ કોર્ટ, કોડીનારમાં **કમીટ** કરવાનો હુકમ ફરમાવુ છું.

**–::હુકમ::–**

૧. ફો.કે.નં.**૫૦૩/૨૦૨૬** નો કેસ સેશન્સ કોર્ટ, કોડીનાર ખાતે કમીટ કરવામાં આવે છે.

૨. આ કેસના કેસ કાગળો વ્યવસ્થિત રીતે તૈયાર કરી નામદાર સેશન્સ અદાલત, કોડીનાર તરફ કમીટલ કેલેન્ડર સાથે મોકલી આપવા.

૩. આ કેસ કમીટ કર્યાની જાણ સરકારી વકીલ શ્રી (એ.પી.પી.શ્રી), કોડીનારને કરવી.

૪. આરોપી જામીન મુકત હોય તેને નામદાર સેશન્સ અદાલત, કોડીનારમાં મુદત તારીખ. **..................** ના રોજ હાજર રહેવા યોગ્ય રીતે જાણ કરેલ છે.

હુકમ આજરોજ તા.૨૪મી, માહે:જુન, સને:૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ:૨૪/૦૬/૨૦૨૬

મુકામ: કોડીનાર

**(પઠાણ સજ્જાદહુસેન સગીરખાન)**

એડી. ચીફ. જયુડી.મેજી., કોડીનાર

જજ કોડ નં. જીજે ૦૧૨૭૩